# પાલનપુરના રતનપુર નજીક ત્રિપલ અકસ્માત

## ૩ વ્યક્તિના મોત : બે જીપડાલા અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો : ૬ ને ઇજા

પાલનપુર, તા. ૧૨

પાલનપુર - અંબાજી હાઈવે ઉપર રતનપુર નજીક રવિવારે બપોરના સુમારે ગાય ભરેલું જીપડાલું, લગ્નનું ડીજે લઈ જતું જીપડાલું અને ટવેરા કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં પાલનપુર, વડગામ અને સુરેન્દ્રનગરની ત્રણ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. જ્યારે ૬ જણાને ઈજાઓ થતાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.



બનાસકાંઠામાં જાણે યમરાજાએ ધામા નાખ્યા હોય તેમ જીવલેણ અકસ્માતો બની રહ્યા છે. જ્યાં પાલનપુર અંબાજી હાઈવે ઉપર શનિવારે વહેલી સવારે કાર અકસ્માતમાં સળગી જતાં એક શિક્ષકનું મોત નિપજ્યું હતું. ત્યાં આજ માર્ગ ઉપર પાલનપુર નજીક રતનપુરના પાટિયા પાસે રવિવારે બપોરે ત્રિપલ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. જ્યારે ૬ જણાને ઈજા થતાં પાલનપુર સિવિલ.હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની પ્રાપ્ત થતી વિગતો મુજબ પાલનપુર શક્તિનગર વિસ્તારોમાં રહેતા સૈની પરિવારના સભ્યો રવિવારે અંબાજી દર્શન કરવા માટે નીકળ્યા હતા. તેમની ટવેરા કાર રતનપુર નજીકથી પસાર થતી હતી. ત્યારે પુર ઝડપે આવેલા લગ્નના ડીજે ભરેલા ડાલાના ચાલકે કાર તેમજ ગાય ભરીને જતાં અન્ય જીપડાલાને ધડાકાભેર ટક્કર મારી હતી. આ ગોઝારા અકસ્માતમાં કારના ફુરચા ઉડી ગયા હતા. અને હાઈવે કારમાં સવાર વ્યક્તિઓની મરણચીસોથી ગુંજી ઉઠ્યો હતો. જેમાં ત્રણ વ્યક્તિઓના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે ૬ વ્યક્તિઓને ઈજા થતાં ૧૦૮ દ્વારા પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.



## મોરિયામાં કારકિર્દી સેમિનાર યોજાયો

વડગામ તાલુકાના મોરિયા ગામમાં શુક્રવારે કારકિર્દી સેમિનાર યોજાયો હતો. જેમાં ગામના અગ્રણી હરજીવનભાઈ, નરસિંહભાઈ, જગદીશભાઈ સહિત મોટી સંખ્યામાં ગામના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા હતા. ગ્રામજનો દ્વારા યોગદાન આપાયુ હતુ. આ વિધાર્થી કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન પ્રજાપતિ સમાજના યુવાનો દ્વારા કરાયું હતું. જેમાં અંકિતભાઈ ઠાકોર અને એનઆઈબી સ્કૂલ તરફથી કારકિર્દી અને શિક્ષણ વિશેની વિગતવાર માહિતી આપવામાં આવી. જગદીશભાઇ લાલજીભાઇ તરફથી વિદ્યાર્થીઓ અને વાલીઓને નાસ્તો આપવામાં આવ્યો હતો.

### વડગામ પંથકમાં મંજૂર કરવાના

# પાણીના બોરની દરખાસ્તો છેલ્લા કેટલાક મહિનાઓથી ટેબલે ટેબલે ફરી રહી છે

### પાણીના તળ ઉંડા જતાં કેટલાક ગામોમાં બોર ફેલ થઈ રહ્યા છે

વડગામ, તા. ૧૦

વડગામ તાલુકાને અછતગ્રસ્ત સમિતિમાં સમાવેશ કરીને રાજ્યના પાણી પુરવઠા મંત્રીની ભલામણ કરી વડગામ પંથકના જરૂરિયાતવાળા ગામોમાં છેલ્લા કેટલાક મહિના પહેલા નવા પાણીના બોરો મંજૂર કરવા માટેની ભલામણ સાથેની જે-તે પંચાયતો દ્વારા દરખાસ્તો પણ કરવા માં આવી છે. પરંતુ પાણી પુરવઠાના સત્તાધીશો દ્વારા પાણી પુરવઠા મંત્રીની ભલામણોની અવગણના કરીને વડગામ તાલુકામાં મંજૂર કરવાના બોરોની દરખાસ્તોની ફાયલો છેલ્લા કેટલાક મહિનાઓથી પાણી પુરવઠાની કચેરી ટેબલે ટેબલે ફેરવે રખાતી હોવાના ચોંકાવનારા આક્ષેપ થઈ રહ્યો છે.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં જ વડગામ તાલુકાના વિવિધ ગામડાઓમાં પાણીની તંગી ઊભી થવા પામી છે. જેને લઈને તાલુકાના ગામડાઓમાં પીવાના પાણીની માટેની સમસ્યા વકરી રહી છે. કેટલાક ગામોમાં લોકોને પાણી માટે ભટકવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે વડગામ સહીત તાલુકા એદ્રાણા, કોટડી, ચિત્રોડા, લીંબોઈ સહીતના ગામડાઓમાં પાણી પુરવઠાના બોર બનાવવા માટે ભલામણ કરાઈ હતી. જેમાં વડગામ ગ્રામ પંચાયતમાં નવા બે બોર બનાવવા માટે ચાર મહિના અગાઉ પાણી પુરવઠા ખાતાને મંત્રી પરબતભાઈ પટેલ દ્વારા ભલામણ કરી હતી અને જેના માટે ગ્રામ પંચાયત દ્વારા બોર બનાવવા માટેની મંજૂર કરવાની દરખાસ્ત માટે ફાઈલ મોકલવામાં આવી હતી. પરંતુ આ બોર મંજૂર કરવા માટેની દરખાસ્તો પાણી પુરવઠાના વિવિધ કર્મચારીરઓના ટેબલે ટેબલે ફરી રહી છે. ત્યારે આ અંગે વડગામ ગ્રામ પંચાયતના સરપંચ અને વડગામ તાલુકા સરપંચ એસોસિયેશનના પ્રમુખ ભગવાન સિંહ સોલંકીએ જણાવ્યું હતું કે મંત્રી પરબતભાઈ પટેલ દ્વારા વડગામમાં બે બોર અને વિવિધ ગામોમાં બોર બનાવવા માટે ચાર મહિના અગાઉ પાણી પુરવઠા વિભાગને ભલામણ કરવામાં આવી છે. છતાં હજુ સુધી કોઈ જ ઉકેલ લાવવા ન આવતાં ઉનાળાની ઋતુમાં પીવાના પાણી માટેની લોકોને મુશ્કેલીઓ સહન કરવી પડે છે. આ અંગે પાણી પુરવઠાના સત્તાધીશો દ્વારા તાત્કાલિક નિરાકરણ લાવવામાં આવે તેવું નવિન બોર બનાવવાની માંગણી કરનાર પંચાયતના સરપંચોમાંથી માંગ ઉઠવા પામી છે અને જો કોઈ નિરાકરણ લાવવામાં ન આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે. તેવી ચીમકી પણ ઉચ્ચારી છે.

# અમૂલ દ્વારા દૂધની ખરીદીમાં કિલો ફેટે ૧૦નો વધારો કર્યો

### ડેરી સાથે સંકળાયેલા ૭ લાખ પશુપાલકોને ફાયદો : દૂધ ઉત્પાદકોને કિલો ફેટે ૬૪૦નાં ભાવથી નાણાં ચૂકવાશે

અમદાવાદ,તા. ૧૨

અમૂલડેરી દ્વારા ગઈકાલે તા.૧૧મી મેથી દૂધ ઉત્પાદકોને દૂધના ખરીદ ભાવમાં કિલો ફેટે રૂ. ૧૦નો વધારો કરાયો છે. આથી હવે દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલોફેટે રૂ. ૬૪૦ના ભાવે નાણાં ચૂકવાશે. આમ ઉપરોકત નિર્ણયને લીધે અમૂલ ડેરી સાથે સંકળાયેલા ૭ લાખ પશુપાલકોને ફાયદો થશે. ઉનાળામાં ગરમીને કારણે દૂધનું ઉત્પાદન ઘટ્યું છે. જ્યારે બીજી તરફ ઘાસચારો, દાણ સહિતના ભાવમાં કરાયેલા વધારાને કારણે પશુપાલકોનું આર્થિક ભારણ વધશે, જેના કારણે પશુપાલકોમાં થોડી નારાજગીના લાગણી ફેલાવા પામી છે. તાજેતરના મહત્વના નિર્ણયને લઈ અમૂલ ડેરીના ચેરમેન રામસિંહ પરમારે જણાવ્યું હતું કે, ઉનાળામાં ઘાસચારો, પાણી અને પશુદાણ મોંઘુ હોવાને કારણે પશુપાલકોને આર્થિક મુશ્કેલી વધી રહી છે. તેમને ભાવોમાં પોષાતું નથી. આથી અમૂલ ડેરી દ્વારા દૂધના ખરીદભાવમાં પ્રતિ કિલો ફેટ રૂ.૧૦નો વધારો કરાયો છે. હવેથી રૂ.૬૪૦ના ભાવે પશુપાલકોને નાણાંની ચૂકવણી કરવામાં આવશે. આથી ખેડા-આણંદ અને મહિસાગર જિલ્લાના પશુપાલકોને ફાયદો થવાનો છે.

બીજીબાજુ, ઉનાળાની ગરમીમાં દૂધની આવકમાં દૈનિક ૫ લાખ લીટરનો ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને, શિયાળામા અમૂલડેરીની દૂધની દૈનિક આવક ૩૦ લાખ લિટર હતી. જે ઉનાળામાં ગરમી વધવાને કારણે ઘટીને હવે દૂધની દૈનિક આવક ઘટીને ૨૫ લાખ લિટર થઈ ગઈ છે.

# પાલનપુર ખાતે પીવાના પાણી અંગે સમીક્ષા બેઠક યોજાઈ



પાલનપુર, તા. ૧૨

પાલનપુર મુકામે બનાસકાંઠા જિલ્લાના પ્રભારી સચિવ અરૂણકુમાર સોલંકીના અધ્યક્ષસ્થાને પીવાના પાણીની સ્થિતિ અંગે જિલ્લાના અધિકારીઓ સાથે સમીક્ષા યોજાઇ હતી. જેમાં પ્રભારી સચિવ અરૂણકુમાર સોલંકીએ જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લામાં ગયા વર્ષે ઓછો વરસાદ થવાથી અછતની સ્થિતિ સર્જાઇ છે. તેમણે અધિકારીઓને ગામની મુલાકાત લેવા અને તેનો રીપોર્ટ આપવા જણાવાયું હતું. તેમણે અધિકારીઓને કહ્યું કે લોકો મુશ્કેલીમાં હોય તેવા સમયે હ્યુમન એપ્રોચ રાખી માણસો સહિત અબોલ પશુ-પક્ષીઓને પીવાના પાણીની કોઇ તકલીફ ન પડે તેની તકેદારી રાખીએ. સચિવે કહ્યું કે લોકો તરફથી આવતી રજૂઆતો, સૂચનો, મિડીયા અને સોશ્યલમ મિડીયામાં આવતા સમાચારો વગેરેને ધ્યાનમાં લઇ પાણી આપવાની સીસ્ટમ મજબુત બનાવીએ. પાણી માટે લોકો સીધી જ તંત્રને જાણ કરી શકે તે માટે ટોલ ફ્રી નંબર શરૂ કરવા તેમણે અધિકારીઓને સુચના આપી હતી. પ્રભારી સચિવે કહ્યું કે પાણીના ટેન્કરોની મુવમેન્ટ જાણી શકાય અને કયા ગામમાં એક ટેન્કર દ્વારા કેટલા ફેરા કરવામાં આવ્યા છે તેની જાણકારી પણ મળી રહે તે માટે ટેન્કરોને જીપીએસ સીસ્ટમથી આવરી લઇ તે પ્રમાણે પાણી વિતરણની વ્યવસ્થા સુદ્રઢ બનાવવામાં આવે તે જરૂરી છે. તેમણે ઉમેર્યુ કે ગામડાઓમાં પીવાના પાણીની શું પરિસ્થિતિ છે તે જાણવા માટે જુદા જુદા અધિકારીઓની ટીમ બનાવી ફિડબેક મેળવી તે પ્રમાણે કામગીરી કરીએ. પ્રભારી સચિવના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં બનાસકાંઠા જિલ્લામાં પીવાના પાણીની સ્થિતિ, પશુઓ માટે કરવામાં આવેલ ઘાસ વિતરણની વ્યવસ્થા, નર્મદા નહેર આધારીત ગામો, મનરેગા હેઠળ ચાલતા અછતના કામો, ગૌશાળા અને પાંજરાપોળ અને ઢોરવાડના પશુઓ માટે કરવામાં આવેલ વ્યવસ્થા તથા સુજલામ-સુફલામ જળ સંચય અભિયાન હેઠળ ચાલતા કામો વગેરેની સમીક્ષા કરવામાં આવી હતી.

# ગોંડલમાં કરા સાથે વરસાદ

અમદાવાદ,તા.૧૨

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં આજે પણ હવામાનમાં પલટો આવ્યો હતો અને ગાજવીજ સાથે વરસાદ થયો હતો. રાજકોટના ગોંડલમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. કેટલાક અન્ય વિસ્તારમાં પણ કરા સાથે વરસાદ થયો હતો. હવામાનમાં એકાએક પલટો આવતા ધુળ ભરેલ આંધી પણ ચાલ હતી. જોકે, ગુજરાતમાં કેટલાક ભાગોમાં પારો ફરી વધી ગયો હતો. ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. રાજ્યમાં સૌથી વધારે ગરમીનો અનુભવ આજે ગાંધીનગરમાં થયો હતો. જ્યા પારો ૪૧.૪ સુધી પહોચી ગયો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી, રાજકોટમાં ૪૧.૯ સુધી પારો પહોંચ્યો હતો. સુરેન્દ્રનગરમાં પારો ૪૧ ડિગ્રી રહ્યો હતો. અગામી બે ત્રણ દિવસ દરમિયાન પ્રદેશના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાનમાં કોઈ ફેરફારની સ્થિતિ જોવા મળી ન હતી. બપોરના ગાળામાં ગરમીનો અનુભવ લોકોએ વધારે કર્યો હતો. રાજ્યના કેટલાક ભાગોમાં આજે પારો ૪૧થી ઉપર રહ્યો હતો. કોર્પોરેશન તરફથી કહેવામાં આવ્યું છે કે હાલમાં વાયરલ ઈન્ફેકશન અને ગરમીથી બચવા માટે લોકોએ કામ વગર બપોરના ગાળામાં ઘરથી બહાર નીકળવું જોઈએ નહીં. સાથે સાથે સાથે વધુ પ્રમાણમાં પાણી, છાશ અને પ્રવાહીનું સેવન કરવું જોઈએ. હળવા રંગના સુતરાઉ કપડા પહેરવા અને તડકામાં ફરવાનું ટાળવું જોઈએ. હવામાન વિભાગના કહેવા મુજબ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં હાલમાં કોઈ વધારે ફેરફારની સ્થિતિ જોવા મળશે નહીં.

# બનાસકાંઠામાં સુજલામ-સુફલામ જળ અભિયાનમાં ૧૩.૭૦ કરોડના ખર્ચથી ૪૧૭ કામો

પાલનપુર, તા. ૧૨

બેઠકમાં સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર આર. એન. નિનામાએ માહિતી આપતા જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લામાં સુજલામ-સુફલામ જળ સંચય અભિયાન તા. ૨૫ ફેબ્રુઆરી-૨૦૧૯થી શરૂ કરવામાં આવ્યું છે. જેમાં તળાવો ઉંડા કરવા, ચેક ડેમ ડીસીલ્ટીંગ, જળાશય ડીસીલ્ટીંગ, નવા ચેકડેમ, નવા તળાવો, માટીપાળા, વનતળાવ, ચેકડેમ રીપેરીંગ કરવા વગેરે કામો કરવામાં આવી રહ્યા છે.

આ વર્ષે જળ સંચયના કામોમાં જળ સંપત્તિ વિભાગ દ્વારા ૧૪૬ કામો, વન વિભાગ દ્વારા ૧૧૫ કામો, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મનરેગાના ૧૩૦ કામો, પાણી પુરવઠા દ્વારા વાલ્વ રીપેરીંગના ૧૮૨૫ કામો, નર્મદા નિગમના ૫ કામો કેનાલ સફાઈના, આમ મળી જિલ્લામાં કુલ-૪૧૭ કામો રૂ. ૧૩.૭૦ કરોડના ખર્ચથી કરવામાં આવશે. નિનામાએ કહ્યું કે સુજલામ-સુફલામ જળ અભિયાનના કામો ચોમાસા પહેલાં પૂર્ણ કરવામાં આવશે.

# વિજાપુર તાલુકાના ક્ષત્રિય ઠાકોર સમાજ વિકાસ યાત્રા દ્વારા ત્રીજો સમૂહલગ્નોત્સવ સંપન્ન

મહેસાણા

સમાજ જીવનમાં સમુહ લગ્ન એ સમયની માંગ છે તેમ વિજાપુર તાલુકાના ખરોડ ગામે ક્ષત્રિય ઠાકોર સમાજ વિકાસ યાત્રા દ્વારા આયોજીત ત્રીજા સમુહ લગ્નોત્સવમાં ઉપસ્થિત મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું. આ સમૂહલગ્નોત્સવમાં પ્રભુતા પગલા માંડનારા ૬૪ નવદંપતિઓને મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આર્શીવાદ આપતાં જણાવ્યું હતું કે, દરેક પરીવારની ઈચ્છા હોય છેકે પોતાની દિકરીના લગ્ન ધામધુમથી થાય તેવા મા-બાપની આ ચિંતા સમૂહ લગ્નોત્સવથી દૂર થાય છે. સમૂહ લગ્નોત્સવ થકી આયોજકો દીકરીના મા-બાપ બને છે

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ક્ષત્રિય ઠાકોર સમાજ મહેનતું સમાજ છે.આ સમાજે ત્રીજા સમૂહ લગ્નોત્સવ કરી અન્ય સમાજને પ્રેરણા પુરી પાડી છે.તેમણે ઉમેર્યું હતું કે લગ્ન એ સંસ્કાર છે જેમાં બે વ્યકિતઓનું મિલન છે.. આપણા સમાજમાં લગ્ન જીવનને પવિત્ર બંધન માનવવામાં આવે છે. આ સંબધથી સામાજિક એકતા ઉભી થાય છે .

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે ક્ષત્રિય ઠાકોર સમાજ પરીવર્તન કરી રહ્યો છે. સમાજની પ્રગતિ શિક્ષણ અને આરોગ્ય થકી છે. વ્યસન મુકિતના અડગ નિર્ણય સાથે સમાજના યુવાનો આગળ વધી રહ્યા છે.તેમણે ઉમેર્યુ હતું કે. આ સરકાર સામાજિક સમરસતાનું વાતાવરણ ઉભું કરીને સૌનો સાથ સૌનો વિકાસ મંત્ર પર ચાલી રહી છે

વિજાપુર તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજ વિકાસ યાત્રા દ્વારા આયોજીત ત્રીજા સમુહ લગ્નોત્સવમાં ૬૪ નવદંપત્તિઓએ પ્રભુતાના પગલાં માંડ્યા હતા.જેમાં મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત સન્માન ઠાકોર સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું મુખ્યમંત્રીશ્રીએ નવદંપત્તિઓને નવજીવનના આશિર્વાદ પાઠવ્યા હતા.

# ભિલોડા તાલુકાના મોટી બેબાર ગામમાં ભવ્ય ઉર્સની ઉજવણી

ભિલોડા, તા.૧૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મોટી બેબાર ગામમાં ડુંગરની તળેટી ઉપર આવેલ દરગાહમાં ભવ્ય ઉર્સની ઉજવણી ધામધુમ પુર્વક યોજાઈ હતી. અરવલ્લીની ગીરીમાળાઓ વચ્ચે આવેલા મોટી બેબાર ગામના ડુંગરની તળેટી ઉપર આવેલ દરગાહમાં સર્વે ધર્મના શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. સર્વે ધર્મના પ્રતિક સમાન આવેલ હજરત બાલાપીર જલાલશાપીર ગેબનશાપીર બાવાની દરગાહ ઉપર દર વર્ષે ઉર્સની ઉજવણી શ્રધ્ધાભેર યોજાઈ હતી. મુસ્લીમ બિરાદરો દુર-દુરથી દર્શનાર્થે ઉમટ્યા હતા. મહાપ્રસાદીનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી. મોટી બેબારના ડુંગરોની ગોદમાં આવેલ હજરત બાલાપીર જલાલશાપીર ગેબનશાપીર બાવાની દરગાહ આસ્થાનું પ્રતિક છે. મુસ્લીમ, હિન્દુ ભાવિક ભક્તો દર્શનાર્થે દુર-દુરથી આવતા હોય છે. જ્યાં શ્રધ્ધા હોય ત્યાં પુરાવાની શું જરૂર હોય ? સર્વ ધર્મના ભાવિક ભક્તો દર્શન કરી દરગાહમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવતા હોય છે.

## ગરમીનો પારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાતાવરણ અને પવનના જોર વચ્ચે નગરજનોએ હીટવેવમાં રાહત અનુભવી હતી. પરંતુ છેલ્લા બે દિવસથી ઉનાળો ફરી એકવાર આકરો બનવા તરફ છે. ગઈકાલે દોઢ ડીગ્રી ગરમી વધી હતી .જેના લીધે ગરમીનો પારો ૩૯ ડીગ્રીથી ઉંચે જઇ ૪૦.૪ સુધી પહોંચી ગયો હતો. જયારે આજે વધુ એક ડીગ્રીના વધારા સાથે ગરમીનો પારો ૪૧.૪ ડીગ્રીએ પહોંચી જતા દિવસ દરમિયાન આકરી લું ફુંકાઇ હતી. જયારે બપોરના સમયે આકરો તાપ અનુભવતા નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળ્યા ન હતા. જો કે આજે રવિવાર હોવાથી શહેરના જનજીવન પર ગરમીની અસર વિશેષ જોવા મળી હતી. નગરના શોપિંગ બજારમાં પણ દિવસ દરમિયાન સન્નાટો જોવા મળ્યો હતો. જયારે નગરના માર્ગો પર બપોરે પાંખી અવરજવર જોવા મળી હતી. ગરમીનો મિજાજ બદલાતા બે ચાર દિવસની રાહતના અંતે શહેરીજનો ફરી હીટવેવનો સામનો કરવા સજ્જ બની ગયા છે. શહેરમાં દિવસના સુનકારના અંતે રાત્રિના સમયે વેકેશનના લીધે વિશેષ રોનક જોવા મળી રહી છે. જયારે લઘુત્તમ તાપમાન ૨૬.૬ રહ્યુ હતુ. જેના લીધે મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચેનો તફાવત પણ વધ્યો હતો. બીજીતરફ સવારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૬૩ થી વધીને ૭૩ ટકા પહોંચી ગયુ હતુ. આકરી ગરમીની સિઝનમાં સૌ કોઈ આકરા તાપથી ત્રસ્ત છે.

## ગણતરીમાં..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૫ ટકા જેટલી છે. તેમ છતાં જો પાટનગર હોય તો પણ ગંદા પાણીના નિકાલ અંગે કોઈ વ્યવસ્થા જ નહીં એવા ઘરોની સંખ્યા સારી બાબત ના ગણી શકાય. શહેરી વિસ્તારમાં દર ચાર પરિવારે એક પરિવારના બાથરૂમમાં ગંદા પાણીના વ્યવસ્થિત નિકાલ માટેની વ્યવસ્થા જ નથી. આ આંકડાઓ ઉપરથી સમજાય છે ને કે શા માટે ગામડામાં જાહેર રસ્તાઓ ઉપર પાણીના ખાબોચિયાં કે વગર ચોમાસે 'ભીના ભચભચતા' રસ્તા કેમ હોય છે ? કે પછી શહેરના ગંદા વસવાટોમાં આવી સ્થિતિ કેમ હોય છે ? જવાબ એક જ લીટીનો છે : 'જ્યાં સુધી ઘરના બાથરૂમના ગંદા પાણીના નિકાલ માટે ગટરલાઈન જ ના હોય તો આ જ સ્થિતિ હોય' !!

## દંડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગમે ત્યાં ચોપાનિયા ચોંટાડી દેતા હોવાથી સ્ટ્રીટ લાઇટના થાંભલા પર ગંદકી જોવા મળી રહી છે. આ ઉપરાંત આસપાસની દિવાલો પર પેઈન્ટીંગ કરીને પણ જાહેરાત કરવામાં આવે છે. નગરના બસ સ્ટેન્ડ પર પણ આ પ્રકારની જાહેરાત કરવામાં આવી રહી છે. જયારે છેલ્લા ઘણાં સમયથી આ હરકત ફુલી ફાલી હોવાથી નગરની સુંદરતાને પણ ઠેસ પહોંચતી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જો કે આ મામલે ઘણાં વિલંબથી કોર્પોરેશન દ્વારા કડક કામગીરી કરવાનો નિર્ણય લેવાતા આખરે આ પ્રકારની જાહેરાતો ચિપકાવનારી સંસ્થાઓને તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી હતી. જેના અંતે સંસ્થાઓએ સ્ટ્રીટ લાઇટના થાંભલાઓ સહીતના ઠેકાણેથી પોતાના ચોપાનિયા દુર પણ કરી દીધા હતા. જયારે દુર ન કરવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં કોર્પોરેશન દ્વારા દંડ વસુલવા માટે પણ નોટીસ જવાબદારા સંસ્થાઓને નોટીસ આપી દેવામાં આવી છે. આ અન્વયે કોર્પારેશન દ્વારા ૨૬ જેટલી સંસ્થાઓના સંચાલકોને નોટીસ આપી દેવામાં આવી છે. જયારે આ સંસ્થાઓ પાસેથી રૂ ૨.૭૦ લાખનો દંડ વસુલવા તંત્રએ નોટીસ પણ મોકલી દીધી છે. આ ઉપરાંત હજુ પણ જાહેર જગ્યાએ જાહેરાતોના ચોપાનિયા હોય તો દુર કરી દેવા પણ જણાંવાયુ છે. જયારે આ પ્રકારના ચોપાનિયા દુર નહીં કરવામાં આવે તો દંડનીય કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે.

## પડકારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં વસ્તી વિસ્ફોટ ગાંધીનગર તાલુકામાં જ છે એવુ નથી કલોલ અને તેની આસપાસના વિસ્તારો જે રીતે વિકસ્યા છે તેને પણ નજર અંદાજ કરી શકાય તેમ નથી.

આ મુદ્દે સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવે તેવો સુર જિલ્લા પંચાયતી સામાન્ય સભામાં ઉઠ્યો તો તંત્રએ સરકારની નીતિને ટાંકીને જવાબને ટાળવાનો પ્રયાસ કર્યો.

તંત્રની ઉદાસીનતા અને અધિકારીઓ દ્વારા થીંગડા મારી ચલાવવાની વૃત્તિએ જાહેર આરોગ્ય સાથે ખિલવાડ કરી રહ્યાનો રોષ લોકોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

## હિંસા વચ્ચે

● અનુસંધાન પહેલાનું ચાલુ

છઠ્ઠા તબક્કામાં શાંતિપૂર્ણરીતે અને વ્યવસ્થિત મતદાનની ખાતરી કરવા માટે એક લાખ ૧૩ હજારથી વધારે મતદાન કેન્દ્ર બનાવવામાં આવ્યા હતા. સાથે સાથે ત્રિપુરામાં પણ ૧૬૮ મતદાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા હતા.આજે છઠ્ઠા તબક્કાની ચૂંટણીમાં બિહારમાં આઠ, ઉત્તરપ્રદેશમાં ૧૪ સીટ પર મતદાન થયુ હતું. દિલ્હીની તમામ સાતેય સીટ પર મતદાન થયુ હતું. બંગાળમાં આઠ સીટ પર મતદાન થયું હતું. મધ્યપ્રદેશમાં આઠ સીટ પર મતદાન થયું હતું. આજે ૫૯ સીટ પર મતદાન થયા બાદ લોકસભાની કુલ ૫૪૨ સીટ પૈકી ૪૮૩ સીટ પર મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. ત્યારબાદ લોકસભાની બાકી રહેલી ૫૯ સીટ પર ૧૯મી મેના દિવસે સાતમા અને અંતિમ તબક્કામાં મતદાન થશે. હવે લોકસભાની ચૂંટણીની લાંબી પ્રક્રિયા પણ પૂર્ણ થવા આવી છે. લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં આજે મતદાનની સાથે જ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ, કેન્દ્રિય પ્રધાન મેનકા ગાંધી, ઉત્તરપ્રદેશ સરકારના પ્રધાન રીટા બહુગુણા તેમજ ભોજપુરી સુપરસ્ટાર દિનેશ લાલ નિરહુઆના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા.

## હિંસક હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાસેથી રાજ્યના સીઈઓ દ્વારા અહેવાલની માંગ કરવામાં આવી છે. ઘોષને તેમના ઉપર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે નજીવી ઈજા થઈ હતી. આજે સવારે કેસપુર વિસ્તારમાં એક મતદાન મથકમાં ભાજપના એજન્ટ સાથે વાતચીત કરવાનો તેવો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે મહિલાઓની એક ટોળકીએ તેમના પર હુમલો કર્યો હતો. ત્યારબાદ પૂર્વ આઈપીએસ ઓફિસરના કાફલા ઉપર બોમ્બ ઝિકવામાં આવ્યા હતા સાથે સાથે પથ્થરો ફેકવામાં આવ્યા હતા. કેસપુરમાં અન્ય મતદાન મથક ઉપર પહોચ્યા ત્યારે પણ તેમની સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું હતું. ગેરરીતિની ફરિયાદ મળી ત્યારે તેઓ સ્થિતિની માહિતી મેળવવા માટે પહોંચ્યા હતા. પથ્થરમારામાં તેમના વાહનને નુકસાન થયું હતું. ભાજપના ઉમેદવાર ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો ત્યારે ક્ષણિક તંગદીલી ફેલાઈ હતી. રિપોર્ટની માંગ પણ કરવામાં આવ છે.

## રાજકીય ઘમસાણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. મોદીએ જાતિના મુદ્દાને લઈને ફરી એકવાર માયાવતી પર પ્રહારો કર્યા હતા. વડાપ્રધાને ગેસ્ટ હાઉસ કાંડનો ઉલ્લેખ કરીને કહ્યુ હતુ કે હવે દેખાવવા પુરતા આંસુ પાડવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જ્યારે તમારી સાથે ગેસ્ટ હાઉસ કાંડની ઘટના બની ત્યારે દેશની મહિલાઓને પિડા થઈ હતી. શુ આપને અલવર ગેંગ રેપ મામલે પિડા થઈ રહી નથી. મોદીએ કહ્યુ હતુ કે જો માયાવતી ચોક્કસપણે દેશની પુત્રીઓ પ્રત્યે ઈમાનદાર છે તો તાત્કાલિક રીતે રાજસ્થાન સરકારને પોતાનુ સમર્થન પરત લઈ લઈ લેવાની જરૂર છે. અલવર ગેંગ રેપના મામલે મોદીએ કોંગ્રેસ પાર્ટી પર તેજાબી પ્રહારો કર્યા હતા. મોદીએ કોંગ્રેસ સરકાર પર આક્ષેપ કરતા કહ્યુ હતુ કે આટલો સંવેદનશીલ મામલો હોવા છતાં કોંગ્રેસ પાર્ટી મામલાને છુપાવવાના પ્રયાસો કરતી રહી છે. રાહુલ ગાંધી પર પરોક્ષ રીતે પ્રહાર કરતા કહ્યુ હતુ કે નામદારના મો પર પણ તાલા વાગી ગયા છે. આ લોકો આ મામલે કોઈ વાત કરવા માટે તૈયાર નથી. રાષ્ટ્રીય સુરક્ષા અને ત્રાસવાદના મુદ્દા પર વડાપ્રધાન મોદીએ આક્રમક વલણ અપનાવ્યુ હતુ.

# જૂનાગઢ રાધારમણ દેવ ટેમ્પલ બોર્ડની ચૂંટણી શાંતિપૂર્ણ સંપન્ન

અમદાવાદ,તા. ૧૨

જૂનાગઢના રાધારમણ દેવ ટેમ્પલ બોર્ડની ચૂંટણી આજરોજ ભારે ઉત્સાહ અને રસાકસીભર્યા વાતાવરણમાં એકંદરે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. વહેલી સવારથી જ હજારો હરિભકતો મતદાન માટે લાઈન લગાવી ઉમટયા હતા. રાધારમણ દેવ વહીવટી સમિતિની કુલ સાત બેઠકોની યોજાયેલી ચૂંટણીના મતદાન દરમ્યાન આજે મતદારોના ભારે ધસારા દરમ્યાન એક તબક્કે પોલીસ અને મતદારો વચ્ચે ઘર્ષણ અને ધક્કામુક્કીના દ્રશ્યો પણ સામે આવ્યા હતા. પ્રતિષ્ઠાભરી એવી આ ચૂંટણીની મતગણતરી હવે આવતીકાલે સોમવારે હાથ ધરવામાં આવશે. જૂનાગઢના જવાહર રોડ સ્થિત સ્વામીનારાયણ મંદિરની ચૂંટણી માટે હરિભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. જૂનાગઢનાં સ્વામી મંદિરની શ્રી રાધારમણ દેવ વહીવટી સમિતિની ચૂંટણી આજે સવારે ૮-૦૦ વાગ્યાથી શરૂ થઈ ગઈ હતી અને શરૂઆતના બે કલાકમાં સરેરાશ ૨૧ ટકા મતદાન નોંધાયું હતું.

ટચૂકડી જાહેર ખબર

**નામ/અટક બદલેલ છે**

મારું નામ/અટક કુન્નીસેરી ગોપાલાક્રિષ્ના લલીથા હતું તે બદલી કુન્નીસેરી ગોપાલક્રિષ્ના લલીતા રાખેલ છે.

**કુન્નીસેરી ગોપાલક્રિષ્ના લલીતા**
જી-૬૦૩, પૂર્ણમ રેસીડેન્સી,
કુડાસણ, ગાંધીનગર